# ઘ-૫ વિસ્તારમાં દબાણ ટીમ ત્રાટકી






સમગ્ર ગુજરાતમાં હાલ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગરમાં પણ મહાનગર પાલિકાની દબાણ ટીમ ઘ-૫ તેમજ સે-૨૧ માં લારી-ગલ્લા તેમજ દુકાનો પર ત્રાટકી હતી. જેમાં ઘ-૫ ખાણીપીણી બજારમાં થાંભલા-લોખંડની ઈંગલો તોડી પાડી દબાણ દુર કરી દીધા હતા. જયારે સેકટર-૨૧માં દુકાનોમાં તેમજ ગલ્લામાં ઉભા થયેલા ટેબલો સહિતના દબાણ દુર કર્યા હતા. દબાણ ટીમ સતત બીજા દિવસે ત્રાટકતા દબાણકર્તાઓમાં ભય ફેલાઈ જવા પામ્યો છે. દબાણ ટીમ ત્રાટકતા શહેરમાંથી ટેબલો તેમજ પાથરણા લઈને બેસતા વેપારીઓ પણ અદ્રશ્ય થઈ ગયા હતા. મનપાની દબાણ ટીમે સે-૨૧ અને ખાણીપીણી બજારમાં મળીને કુલ-૧૫ થી વધુ દબાણોનો સફાયો કરી દીધો હતો.ગાંધીનગર શહેરના માર્ગો તેમજ આંતરીક માર્ગો પરથી દબાણો નહીવત થઈ ગયા છે. તંત્ર દ્વારા દબાણ ઝુબેશમાં કડક હાથે કામ લેતા દબાણકારોમાં ડર ફેલાયો છે. શહેરના કાચા-પાકા તમામ પ્રકારના દબાણો કોઈની પણ શરમ રાખ્યા વિના તંત્ર દ્વારા દુર કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે સતત બીજે દિવસે દબાણની ટીમ ખાણીપીણી બજારમાં ઉભા થયેલા તોંતિગ શેડ તેમજ લોખંડની ઈંગલો તેમજ ટેબલો સહિતના દબાણો દુર કરી દીધા હતા. લોખંડના થાંભલા પણ તોડી દઈને તંત્રએ ઝપ્ત કરી લીધા હતા. જયારે સેકટર -૨૧ દુકાનો તેમજ ગલ્લાઓમાં દબાણની ટીમ આજે ફરીવાર ત્રાટકી હતી. જેમાં ૧૫ જેટલા દબાણો દુર કરાયા હતા, દબાણો દુર થતા શાકમાર્કેટ તેમજ લારી ગલ્લાઓમાં નાગરીકો શાંતિથી ચાલી શકે છે. જયારે આગામી સમયમાં પણ દબાણ ઝુબેશ કાર્યરત રહેતા કયાં સેકટરમાં ટીમ ત્રાટકે છે તે કહેવું મુશ્કેલ બન્યું છે. ત્યારે દબાણકારોમાં દબાણની ટીમ સક્રિય થતા હાહાકાર મચી જવા પામ્યો છે






## યુવક કોંગ્રેસની શાંતિ સંદેશ યાત્રાનું શાહપુર સર્કલ પાસે સ્વાગત કરાયુ

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય યુવક કોંગ્રેસ દ્વારા દેશમાં વ્યાપેલી અરાજકતા અને નિષ્ફળ બનેલી કાયદા વ્યવસ્થાની વિરુદ્ધમાં રાષ્ટ્રવ્યાપી યાત્રા યોજવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મહાત્મા ગાંધીજીના અમદાવાદ ખાતેના કોચરબ આશ્રમથી નવી દિલ્લી ખાતે મહાત્મા ગાંધીજીની સમાધિ સ્થળ એવા રાજઘાટ સુધી ''નફરત છોડો ગાંધી સંદેશ યાત્રા'' યુવક કોંગ્રેસ દ્વારા તારીખ ૯ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી યોજવાની જાહેરાત કરી છે. જેના અન્વયે આજ રોજ ગાંધી આશ્રમથી શરુ થયેલી યાત્રા તા.૧૦-૮-૨૦૧૮ના રોજ વહેલી સવારે ૧૧ કલાકે ગાંધીનગર જિલ્લામાં પ્રવેશી હતી. જેનું ભવ્ય સ્વાગત ગાંધીનગર જીલ્લા યુવક કોંગ્રેસ અને ગાંધીનગર શહેર યુવક કોંગ્રેસે કર્યું હતું.



આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી અને શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ ભાવેશ દેસાઈ સંયુકપણે જણાવે છે કે ''નફરત છોડો ગાંધી સંદેશ યાત્રા''નું તા-૧૦-૮-૨૦૧૮ના રોજ રક્ષાશક્તિ સર્કલ (શાહપુર સર્કલ) પાસે ભવ્ય સ્વાગત કરાવ્યું હતું. જ્યાં ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીનિવાસનજી, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના પ્રભારી સીતારામ લામ્બાજી, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના સહપ્રભારી ગુરુભેજ ટીમ્બીજી, ગુજરાત યુવક કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત તેમજ અન્ય વરિષ્ઠ મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને શાહપુર ચોકડી પાસે યોજાયેલી જાહેર સભામાં માર્ગદર્શન પણ આપ્યું હતું. આ યાત્રામાં ગાંધીનગર શહેર અને જીલ્લાભરમાંથી બહુ મોટી સંખ્યામાં કાર અને બાઈક જોડાઈ હતી. જે યાત્રા શાહપુર ચોકડી-રિલાઈન્સ ચોકડી-ઘ૦-ઘ૬-અક્ષરધામ-સેક્ટર ૩૦ સર્કલ-ચિલોડા(ડ)થી ચંદ્રાલા થઈ સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશી હતી. તેવું જીલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ જીત્રેન્દ્રસિંહ સોલંકી જણાવે છે.

## દહેગામ એસ.ટી. ડેપો પાસેથી વરલી મટકાનો અડ્ડો પકડાયો

### એલસીબીની ટીમે દરોડો પાડીને ૨૭,૩૨૦ના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા. ૧૦

દહેગામ એસ.ટી. ડેપો પાસે વરલી મટકાના જુગારનો અડ્ડો ચાલતો હોવાની બાતમીને આધારે ગઈકાલે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી બે શખ્સોને વરલીના આંકડા લખતા અને લખાવતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે બાઈક સહિત કુલ રૂ. ૨૭,૩૨૦ની કિંમતના મુદામાલ સાથે બંને શખ્સોની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી કરીને સઘન પૂછપરછ શરૂ કરી છે.

જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સુચનાથી તેમની એલસીબીની ટીમ દારૂ-જુગારની બદી નેસ્તનાબુદ કરવા સક્રિય છે ત્યારે એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ગઈકાલે ચોક્કસ બાતમીને આધારે દહેગામ એસ.ટી. ડેપોના ગેટ પાસે ચાલતા વરલી મટકાના અડ્ડા ઉપર દરોડો પાડ્યો હતો. ડેપોના દરવાજા પાસે જ વરલી મટકાનો જુગાર રમાડી રહેલા અને રમી રહેલા બે શખ્સોને રંગેહાથ પકડી પાડવામાં આવ્યા હતા. દહેગામની શિવનગર સોસાયટીમાં રહેતા જાકીર હુસેનભાઈ શેખ અને દહેગામની જવાહર માર્કેટ, સોમાભાઈની ચાલીમાં રહેતા રામજી ભગવાનદાસ દેસાઈ નામના બે શખ્સોને એલસીબીની ટીમે ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમતા રમાડતા દબોડી લઈને તેમની પાસેથી વરલી મટકાના સાહિત્ય, આંકડા લખેલી ચિઠ્ઠીઓ તથા રૂ. ૨૩૨૦ રોકડ અને બાઈક મળીને કુલ રૂ. ૨૭,૩૨૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા બંને શખ્સો કેટલા સમયથી આ ધંધા સાથે સંકળાયેલા હતા અને આ સ્થળ ઉપર ક્યારથી જુગાર રમાડતા હતા તે સહિતની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે.






## બિન સચિવાલય કારકુનની ભરતીમાં ગેરરિતીનો ઉમેદવારોનો આક્ષેપ

ગાંધીનગર, તા.૧૦

હાલના સ્પર્ધાત્મક યુગમાં યુવાનો તનતોડ મહેનત કરીને પરીક્ષાની તૈયારીઓ કરતા હોય છે. પરંતુ તેઓનો નંબર સરકારી નોકરીમાં લાગતો નથી પરંતુ કૌંભાડીઓના નંબર લાગી જાય છે. જેથી રાત દિવસ ઉજાગરા કરીને મહેનત કરતા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં રાજય પરિક્ષા બોર્ડ દ્વારા લેવાયેલી પરિક્ષામાં ગેરરીતિના આક્ષેપો થયા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી બિન સચિવાલય કારકુન જગ્યામાં કેટલાક પસંદગીના ઉમેદવારોની ભરતી કરવામાં આવી હોવાનો આક્ષેપ ઉમેદવારો દ્વારા કરવામાં આવી રહ્યો છે. ટુંક સમયમાં નિમણુંક પામેલા ઉમેદવારો નોકરી લાગી જશે, જેથી ઉમેદવારોએ તટસ્થ તપાસની માંગ સાથે આક્રોશ વ્યકત કર્યો છે.

સરકારી નોકરી મેળવવા યુવાવર્ગ અધિરો બન્યો છે. વાલીઓ પણ પોતાના દિકરા કે દિકરીને લાખ્ખો ખર્ચ કરીને સરકારી નોકરી અપાવવા દોડાદોડી કરતા હોય છે. ત્યારે દલાલો આ અવરસરની રાહ જોઈને બેઠા હોય છે. ત્યારે ગૌણસેવા મંડળ દ્વારા લેવાયેલી બિન સચિવાય કારકુનની જગ્યામાં ૭૦૦ ઉમેદવારોને ખોટી રીતે નોકરી આપવામાં આવી હોવાનો આક્ષેપ ઉમેદવારો કરી રહ્યા છે. ઉમેદવારો એ કહ્યું કે બિન સચિવાલય કારકુન જાહેરાત ક્રમાંક ૮૩-૧૬૧૭ની પરિક્ષા ઓકટોબર ૧૬માં લીધી હતી. પાસ થયેલા ઉમેદવારો ૧૯ એપ્રિલ ૨૦૧૭માં ઓર્ડર આપવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રતિક્ષા યાદી ૬ એપ્રિલ ૧૮માં મુકાઈ હતી.

ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે પ્રતિક્ષાયાદી બાદ ૭૦૦ ઉમેદવારોના ઓર્ડર મળતિયાઓ દ્વારા ગૌણ સેવા મંડળના લેટરપેડ ઉપર ઈસ્યુ કરાયા છે અને આ ઉમેદવારો આગામી સમયમાં ફરજ ઉપર હાજર થનાર છે. ત્યારે સરકારી નોકરીની કાગડોળે રાહ જોતા વિદ્યાર્થીઓમાં આ અંગે રોષ ભભુકી ઉઠયો છે. અને આગામી સમયમાં આ અંગે નોકરીથી વંચિત રહી ગયેલા ઉમેદવારો એક થઈને સરકાર અને જરુર જણાશે તો કોર્ટમાં જવાની પણ રણનિતી નક્કી કરી રહ્યા છે. ઉમેદવારોએ માંગ કરી છેકે ભરતી રોકવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ત્યારે સરકારી નોકરી થી વિમુખ રાખવાનો કારસો ઘડનાર કૌંભાડીઓને તંત્ર દ્વારા સજા કરવામાં આવશે કે કેમ તે આગામી સમયમાં જોવું રહ્યું..

## ઉત્તર ગુજરાતમાં તરખાટ મચાવનાર રીઢા ચોર ઝડપાયા

### ચિલોડા પોલીસે ટ્રાન્સફર વોરંટથી બે આરોપીની ધરપકડ કરી : માધવગઢ સામે ડાયરામાંથી બાઈક ચોર્યું હતું

ગાંધીનગર, તા.૧૦

હિંમતનગર, વિજાપુર, ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત પંથકમાં વાહન ચોરી સહિતનાં અનેક ગુનાઓ આચરીને તરખાટ મચાવનાર બે રીઢા ચોરો આખરે પોલીસના સકંજામાં આવી ગયા છે. ચિલોડા પોલીસે બંને શખ્સોની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરીને સઘન પુછપરછ શરુ કરી છે. ચિલોડા સાદરા રોડ પર આવેલા માધવગઢ ગામમાં લોકડાયરા પાસેથી આ બંને શખ્સોએ એક બાઈક ચોરી કર્યું હતું. ચોરાયેલા બાઈક સાથે બંને શખ્સોની ધરપકડ કરીને વધુ પુછપરછ શરુ કરી છે.



ચિલોડા પોલીસે ગઈ કાલે ટ્રાન્સફર વોરંટથી બે રીઢા ચોરોની ધરપકડ કરી લીધી હતી. આ બંને રીઢા ચોરો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામના હોવાનું ખુલ્યું છે અમીનપુર ગામના ભાથી ઉર્ફે અજીત બાપુજી મકવાણા અને નરેશ શિવા મકવાણા બંને શખ્સોની ચિલોડા પોલીસ ચોરીના યામાહા એફ. ઝેડ બાઈક સાથે ધરપકડ કરી લીધી છે. પકડાયેલા બંને શખ્સો રીઢા છે. તેમની ઊંડી પુછપરછમાં બહાર આવ્યું છે કે માધવગઢ ગામમાં તાજેતરમાં યોજાયેલા લોકડાયરાના પાર્કિંગમાંથી તેમણે આ બાઈક ચોરી કર્યું હતું. ચિલોડા પોલીસે બંને શખ્સોની ચોરીના બાઈક સાથે ધરપકડ કરી લઈને ચોરીનું બાઈક રીકવર કરી સઘન ઈન્ટ્રોગેશન શરુ કર્યું છે. પકડાયેલા આરોપીઓ પૈકી આરોપી ભાથી ઉર્ફે અજીતે વિજાપુર, હિંમતનગર, વડનગર, વિસનગર અને પ્રાંતિજ ગાંધીનગર સહિતના ઉત્તર ગુજરાતના વિવિધ સ્થળોએ ૩૫ જેટલા અલગ અલગ ગુનાઓ આચર્યા હોવાની સનસની કબુલાત કરી છે. આ શખ્સ ચેઈન સ્નેચિંગ સહિતના ગુનાઓમાં પણ સંડોવાયેલો હોય તેની આશંકા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ધુળા... તારો પગાર નહીં વધારું તને વાઈફાઈ પાસવર્ડ આપીશ... તેમાંથી બે જીબી ડાઉનલોડ કરીશ તો તારે બે ઘરનાં ઓછા કામ કરવા પડશે...!!

## વલાદમાં પોલીસે બે સ્થળોએ દરોડા પાડીને ૨૭ બોટલ દારૂ પકડ્યો

ગાંધીનગર, તા. ૧૦

ડભોડા પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીને આધારે વલાદ ગામમાં બે અલગ અલગ સ્થળો પર દરોડો પાડી બે ખેપિયાઓને વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડ્યા હતા. વલાદના ફુલપુરા મનોહર ફાર્મમાં દરોડો પાડીને ઉનાવા ગામના એક શખ્સને તથા વલાદ પાટીયા પાસેથી થેલીમાં વિદેશી દારૂ લઈને જતા શખ્સને પકડી પાડીને ડભોડા પોલીસે રૂ. ૧૯,૮૦૦ની કિંમતના વિદેશી દારૂના મુદ્દામાલ સાથે બંનેની ધરપકડ કરી લીધી છે. આ બંને શખ્સો માલ ક્યાંથી લાવ્યા હતા તે સહીતની ઊંડી પૂછપરછ ડભોડા પોલીસે હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ હિરેન દેસાઈની ટીમે ગઈકાલે વલાદ ગામમાં બે સ્થળે બાતમી આધારે દરોડા પાડી વિદેશી દારૂની બોટલો પકડી હતી. કોન્સ્ટેબલ વિપુલકુમારની બાતમીને આધારે ડભોડા પોલીસની ટીમે વલાદ પાસેના ફુલપુરા મનોહર ફાર્મ ઉપર દરોડો પાડ્યો હતો. ફાર્મ પરથી ઉનાવા ગામના મહેશ અરજણ રાવળ નામના શખ્સને બ્લેન્ડર્સ પ્રાઈડ વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડ્યો હતો. રૂ. ૧૫ હજારની કિંમતની બોટલો સાથે ઉનાવાના શખ્સની ધરપકડ કરી તેની ઊંડી પૂછપરછ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ વલાદ ગામના પાટીયેથી થેલી લઈને જતાં એક શકમંદની તલાશી લેતા તેની પાસેથી પણ દારૂની બોટલો મળી આવી હતી. વલાદના નવાઘરો વિસ્તારમાં રહેતા સંજય ભુપત ચૌહાણ નામના શખ્સની ડભોડા પોલીસે બ્લુ મુડ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો સાથે ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી છે. ડભોડા પોલીસે કુલ ૨૭ નંગ વિદેશી દારૂની બોટલો સાથે બે શખ્સોની ધરપકડ કરી લઈ તે બંને શખ્સો માલ ક્યાંથી લાવ્યા હતા તે અંગે કડક પુછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસે કુલ રૂ. ૧૯,૮૦૦ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.